ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જુના સેકટરોમાં ૧૪૦૦ નવા સરકારી મકાનો બાંધવામાં આવશે

**નવા આવાસો બાંધવા માટે સાઇટ આખરી કરવામાં આવી : સે-૨૨માં ચ કક્ષાના ૪૪૮ અને સે-૩૦ માં છ કક્ષાના ૯૫૨ નવા આવાસો બાંધવામાં આવશે : એકબાજુ જુના અને જોખમી આવાસો તોડવામાં આવી રહ્યા છે ત્યારે ઘટનો પ્રશ્ન નિવારવા માટે ઝડપથી કામ હાથ ધરવા પ્રબળ માંગ**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરના સેકટરોમાં અત્યાર સુધી સે-૬, સે-૭ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે છેલ્લા ઘણાં સમયથી જુના અને જોખમી સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે. ત્યારે નવા આવાસો બાંધવા માટે લાંબા સમયથી સાઈટ આખરી ન થતા કાર્યયોજના વિલંબમાં પડી હતી જો કે હવે નવા આવાસો બાંધવા માટે સ્થળ પસંદગી કરી દેવાતા સે-૨૨ અને સે-૩૦ માં નવા ચ અને છ કક્ષાના મકાનો બાંધવામાં આવશે સે-૨૨ માં ૪૪૮ અને સે-૩૦ માં ૯૫૨ મકાનો બાંધવા માટે આયોજન કરી દેવાયુ છે જયારે આ કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠળા પામી છે.

ગાંધીનગરમાં એકબાજુ દાયકાઓ જુના સરકારી આવાસો તોડવામાં આવી રહ્યા છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. અગાઉ થયેલા સર્વે મુજબ અંદાજિત ૫૫૦૦ જેટલા જોખમી મકાનો છે.

જયારે આ મકાનો તોડવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરમાં છેલ્લા દોઢ દાયકાથી આવાસોનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના આવાસોમાં કર્મચારીઓના પરિવારનો વસવાટ છે. ત્યારે સરકારી આવાસોના રહીશોની ફરિયાદો વધી છે. આવાસોના છતમાંથી પોપડા ખરવા , ભેજ ઉતરવા સહીતની નાની મોટી ફરિયાદો પણ રહીશોના રોષનુ કારણ બની છે. શહેરમાં નવા આવાસો બાંધવા માટે પણ કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. અગાઉ પ્રથમ તબક્કામાં સે-૬, ૭ , સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા હતા જયારે આ ટાવર કોલોનીમાં હાલ કર્મચારીઓનો વસવાટ પણ છે. સે- ૬ માં પણ હાલ નવા મકાનો બાંધવાની કામગીરી ચાલી રહી છે.

શહેરમાં જુના આવાસો જોખમી બનવાની સાથે હજુ રહેણાંકના મકાનોમાં અનઅધિકૃત કબજેદારોની સંખ્યા પણ વિશેષ છે. ત્યારે આવાસોની ઘટનો પ્રશ્ન પણ મુખ્ય બન્યો છે. માર્ગ મકાન વિભાગના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી છે. પરંતુ મકાનોની ઉપલબ્ધિના અભાવે કર્મચારીઓને ઝડપથી મકાન ફાળવી શકાતા નથી ત્યારે શહેરમાં લાંબા સમયથી નવી આવાસ યોજના તૈયાર કરવાના મામલે પણ સાઈટ આખરી ન થતા મકનો બાંધવાની યોજના વિલંબમાં પડી છે. જુના અને જોખમી મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ શહેરમાં આવાસોના નિર્માણ માટે ખુલ્લી થયેલી જગ્યાનો પણ અગાઉ તંત્ર દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો જયારે ખુલ્લી જગ્યાના સર્વેના અંતે સેકટરોમાં નવા આવાસો બાંધવા માટે એક પ્લાન પણ તૈયાર કરવામાં આવ્યો હતો.

જયારે વિભાગ કક્ષાએ પ્લાન રજુ કરાયા બાદ સેકટરોમાં નવા આવાસો બાંધવાની સાઈટ પણ લાંબા સમયથી આખરી કરવામાં આવતી ન હતી. પરંતુ એક વર્ષના અંતે શહેરમાં નવા મકાનો બાંધવા માટે નવી સાઈટ નિયત કરવામાં આવી છે. જેમાં શહેરના સે-૨૨ માં ચ કક્ષાના ૪૪૮ નવા મકાનો બાંધવામાં આવશે આ ઉપરાંત સે-૩૦ માં છ કક્ષાના નવા ૯૫૨ મકાનો બાંધવાનુ આયોજન કરાયુ છે. આ યોજના સંદર્ભે અંદાજિત ૩૧૫ કરોડનો ખર્ચ કરાશે જયારે આવાસોની ઘટને ધ્યાનમાં રાખી આ કાર્યયોજનાનુ કામ પણ ઝડપથી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

એકબાજુ શહેરના સે-૧૬ અને સે-૧૭ માં પણ નવા આવાસો બાંધવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી છે. જયારે આ સ્થિતિ વચ્ચે હાલ પણ જુના અને ભયજનક મકાનો ખાલી કરાવી તબક્કવાર આવાસો તોડવા માટે વિભાગ કક્ષાએ મંજુરી માટે દરખાસ્ત કરવામાં આવી રહી છે. ત્યારે જુના મકાનો તોડવાની સાથે નવા આવાસો બાંધવાની યોજનામાં પણ ગતિ આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## જિલ્લામાં સાંજે ૬ થી ૮ દરમ્યાન માણસામાં ૧૨ અને ગાંધીનગરમાં ૧ મી.મી. વરસાદ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં આજે સાંજે માણસા અને ગાંધીનગર તાલુકામાં હળવા વરસાદી ઝાપટા નોંધાયા હતા.

આજે સાંજે ૬ થી ૮ ના સમયગાળા દરમ્યાન ગાંધીનગર તાલુકામાં ૧ મી.મી. અને માણસામાં ૧૨ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં માણસામાં ૧૧૧ મી.મી. વરસાદ આ સિઝનનો નોંધાઈ ચુક્યો છે. ગાંધીનગરમાં ૫૯ મી.મી., દહેગામમાં ૫૯ મી.મી. અને કલોલમાં ૬૧ મી.મી. વરસાદ અત્યાર સુધીમાં નોંધાયો છે.

ગત ચોમાસામાં ગાંધીનગર અને માણસા તાલુકામાં વરસાદની ઘટ ૨૦ ટકા જેટલી રહી હતી જે નોંધનીય છે.

જિલ્લામાં આ વખતે ચોમાસુ સારૂ રહેવાના હવામાન પૂર્વાનુમાનને લઈ આકાશી ખેતીના વાવેતરને લઈ ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કપાસ અને મગફળી ઉપરાંત શાકભાજીનું વાવેતર જિલ્લામાં સારૂ નોંધાયુ છે.

જિલ્લામાં ૧લી જુલાઈ સુધી ગાજવીજ સાથે છુટાછવાયા સ્થાનો પર હળવાથી મધ્યમ વરસાદ થશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. જિલ્લામાં આ વખતે આમ તો ચોમાસુ સમયસર આવ્યુ હોવાથી પણ ખેડૂતો ઉત્સાહી જોવા મળી રહ્યા છે.

ધીમી ગતિએ ચોમાસાનો આરંભ થયો છે અને ગ્રામીણ વિસ્તારમાં આવેલા તળાવોમાં પણ નવા નીરની આવક હજુ જોઈએ તેવી થઈ નથી. ચોમાસાના આરંભે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં કાદવ-કીચડની સ્થિતિ જોવા મળી રહી છે.

## નવા ૧ થી ૧૪ સેકટરોમાં આજે પુરતા ફોર્સથી પાણી આવશે નહીં

**સરિતા પમ્પીંગ સ્ટેશનમાં અન્ડર ગ્રાઉન્ડ સંપનુ નવા શુધ્ધિકરણ પ્લાન્ટ સાથે જોડાણ આપવાની કામગીરીના લીધે નવા સેકટરોમાં પાણી પુરવઠો પ્રભાવિત થશે**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોથી વારંવાર પાણીની પોકાર ઉઠતી રહે છે. સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતા રહીશોના ઘરની ટાંકી પણ ભરાતી ન હોવાનો રોષ ગૃહીણીઓ ઠાલવી રહી છે. હાલ પણ શહેરના નવા સેકટરોમાં પ્રતિદિન ૮ એમ એલ ડી જેટલા પુરવઠાની ઘટ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે બીજીતરફ સરિતા ટાંકીને અનુલક્ષી પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી અન્ડર ગ્રાઉન્ડ અને શુધ્ધિકરણ પ્લાન્ટ સાથે જોડાણ આપવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના લીધે આજે શહેરના નવા સેકટરોમાં પાણી પુરવઠો પ્રભાવિત થવાની સંભાવના છે. શહેરના નવા સે- ૧ થી ૧૪ સેકટરોમાં પુરતા પ્રમાણમાં પાણી આવશે નહીં.

ગાંધીનગરમાં આકરા ઉનાળાની શરૂઆતથી જ છાશવારે પાણીની પોકાર ઉઠી છે. ગરમીના દિવસોમાં પણ રોજબરોજ પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો સ્થાનિકોમાં કકળાટનુ કારણ બની હતી જયારે વરસાદી દિવસોની શરૂઆતના અંતે પણ સેકટરોમાં પાણીની બુમ યથાવત છે. એકબાજુ રોજબરોજ અપાતા સપ્લાય પણ પુરતો મળતો ન હોવોનો સુર ઉઠવા પામ્યો છે ત્યારે શહેરના નવા સેકટરોમા આજે નળમાં ટીપે ટીપે પાણી આવે તેવી પણ સંભાવના છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા અન્ડર ગ્રાઉન્ડ સંપનુ જોડાણ નવા શુધ્ધિકરણ પ્લાન્ટ સાથે આપવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના લીધે શહેરના સે - ૧ થી ૧૪ માં બુધવારે પાણી પુરવઠો પ્રભાવિત થાય તેવી સંભાવના છે. નવા શુધ્ધિકરણ પ્લાન્ટ સાથે જોડાણ કરવા માટેની આ કામગીરીના લીધે શહેરના નવા સેકટરોમાં પુરતા ફોર્સથી અને પુરતા સમય માટે પાણી આપી શકાશે નહીં જેના લીધે નવા સેકટરોમાં અપાતા સપ્લાયમાં અંદાજિત ૫૦ ટકાનો ઘટાડો થાય તેમ પણ મનાઈ રહ્યુ છે. શહેરમા ઉનાળાની ગરમીના દિવસોથી પાણીનો કકળાટ સ્થાનિકો માટે રોષનુ કારણ બન્યો છે. એકબાજુ શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય આપવા માટે નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે આ પ્રોજેકટને પુર્ણ થતા હજુ સમય લાગે તેમ છે ત્યારે પાણીના મામલે તંત્ર માટે ઘણાં સમયથી એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ સર્જાઇ રહી છે. અગાઉ પણ પાણી પુરવઠા બોર્ડ દ્વારા પુરતુ પાણી સપ્લાય ન કરવામાં આવતા સેકટરોમાં ઘર ઘર સુધી નળમાં આવતો પુરવઠો પણ પ્રભાવિત થયો હતો જયારે પાણી ફોર્સથી મળે તેવી ઉગ્ર માંગ સાથે મામલો મુખ્યમંત્રી સુધી પહોચ્યો હતો. જો કે ત્યારબાદ પણ સેકટરોમાં અગાઉ અપાતા સપ્લાય સામે ઘટ પ્રવર્તી રહી હોવાનો રોષ પણ યથાવત છે. અલબત્ત રૂટીનમાં અપાતા સપ્લાયમાં ૮ થી ૧૦ એમ એલ ડી નો ઘટાડો હોવાથી પણ પાણીની બુમ એકાંતરે ઉઠતી જ રહે છે. આવા સંજોગોમાં આ કામગીરીના લીધે એકાદ દિવસ સુધી પાણીનો સપ્લાય પુરતા ફોર્સથી અને પુરતા પ્રમાણમાં ન આવે તેવી પણ સંભાવના છે.

## કલોલમાં ઝાડા-ઉલ્ટીના કેસમાં ઘટાડો નોંધાયો : નવા ૧૫ કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૭

કલોલ શહેરમાં આજે ઝાડા-ઉલ્ટીના વધુ ૧૫ કેસ નોંધાયા છે. આ સાથે ઝાડા-ઉલ્ટીના કેસોની સંખ્યા ૧૩૧ પર પહોંચી છે. હાલ ઝાડા-ઉલ્ટીના ૨૨ કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં કોલેરાના ૩ પોઝીટીવ કેસ મળ્યા પછી આરોગ્યતંત્રએ અહિ સઘન કામગીરી હાથ ધરી છે. તંત્ર દ્વારા છેલ્લા ત્રણ દિવસથી શહેરના કોલેરા અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે.

તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર નોંધાયેલા ઝાડા-ઉલ્ટીના કેસમાં અત્યાર સુધીમાં ૧૦૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જે ૩ દર્દીઓમાં કોલેરા પોઝીટીવના લક્ષણો મળ્યા હતા તે દર્દીઓ પણ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં ઉદ્ભવેલી રોગચાળાની સ્થિતિ ધીમી ગતિએ નિયંત્રણમાં આવી રહી છે. કેસોની સંખ્યા ઘટી રહી છે તેજ દર્શાવે છે કે પરિસ્થિતિ ઝડપથી પૂર્વવત્ થઈ જશે તેમ તંત્રના સૂત્રોનો દાવો છે.

કલોલ શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૩ દર્દીઓને સઘન સારવાર જરૂરી જણાતાં દાખલ કરવામાં આવ્યા છે.

આજે પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં ઓ.આર.એસ.ના પેકેટ્સ અને ક્લોરીનેશન માટેની ટિકડીઓનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

તંત્ર દ્વારા પાણીના બેક્ટેરીયોલોજીક્સ ટેસ્ટ માટે ૩ નમૂના લઈ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. આજે પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં ટેન્કરથી પાણી પુરવઠો અપાયો હતો. તંત્રની ટીમો દ્વારા રેસીડ્યુઅલ ક્લોરીન ટેસ્ટ પણ ૧૧૫ જેટલા કરવામાં આવ્યા હતા તેમાં નેગેટીવ રિપોર્ટ પણ બહુ ઓછા મળ્યા છે.

## છેલ્લા બે વર્ષમાં મનપાના આઉટગ્રોથ વિસ્તારમાં રૂ. ૧૦.૨૫ કરોડના કામો મંજૂર કરાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકાના આઉટગ્રોથ વિસ્તારના વિકાસકામો માટે મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રીએ રૂ. ૧૦.૨૫ કરોડની ફાળવણી કરી છે.

ત્રણ તબક્કે આ કામોને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંજૂરી આપી છે. જેમાં પ્રથમ રૂ. ૧.૨૫ કરોડ, દ્વિતીય તબક્કે રૂ. ૩.૭૦ કરોડ તેમજ તૃતિય તબક્કામાં રૂ. ૫.૧૧ કરોડના કામોને મંજૂરી આપી છે. તૃતિય તબક્કામાં ૩ કામો મંજૂર કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીએ આઉટગ્રોથ વિસ્તારના વિકાસકામો માટે આ મંજૂરી આપી છે. રાજ્યમાં વધતા જતા શહેરીકરણને લઈ આઉટગ્રોથ વિસ્તારમાં ભૌતિક, આંતરમાળખાકીય સુવિધાઓના વિકાસના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેથી આઉટગ્રોથ વિસ્તારમાં વસતા નાગરિકોનું ઈઝ ઓફ લીવીંગમાં વધારો થશે.

આ વિકાસકામો અંતર્ગત આઉટગ્રોથ વિસ્તારોમાં રોડ-રસ્તા, પાણી, સ્ટ્રીટલાઈટ અને ડ્રેનેજ સહિતના કામો હાથ ધરવામાં આવતા હોય છે જે નોંધનીય છે.

## હવે સ્ટ્રીટ લાઈટની જવાબદારી પણ મનપાને સોંપી દેવાશે

**શહેરમાં સ્ટ્રીટ લાઇટના ૧૮ હજાર થાંભલા : મંજુરીના અંતે તંત્રએ બે થી ત્રણ વાર પત્ર લખી કોર્પોરેશનને જવાબદારી સંભાળવા પત્ર પાઠવ્યો છતા હજુ સુધી તૈયારી દર્શાવામાં આવી નથી**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં રંગમંચ , લગ્નવાડી, આંતરિક માર્ગો, બગીચાઓ તેમજ ગટર લાઈનની જાળવણીનુ કામ કોર્પોરેશને સોંપી દેવામાં આવ્યુ છે. જયારે સ્ટ્રીટ લાઈટની નિભાવણીની જવાબદારી પણ કોર્પોરેશનને સોંપી દેવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. પાટનગર યોજના વિભાગના સંબંધિત ડિવીઝન કક્ષાએથી પણ આ મામલે પત્રના માધ્યમથી બે થી ત્રણ વાર જાણ કરવામાં આવી છે .આમછતા લાંબા સમયના અંતે પણ કોર્પોરેશને આ મામલે તૈયારી દાખવી નથી શહેરમાં અંદાજિત ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલા છે.

ગાંધીનગરમાં સ્ટ્રીટ લાઈટની જવાબદારી કોર્પોરેશનને સોંપી દેવા માટે સરકારે મંજુરી આપી દીધી છે. જયારે આ અન્યવે અત્યાર સુધી પાટનગર યોજના વિભાગના ઈલેકટ્રીક ડિવિઝન કક્ષાએથી પણ બે થી ત્રણ વાર સ્ટ્રીટ લાઈટની જવાબદારી સંભાળી લેવા માટે કોર્પોરેશનને પત્ર લખ્યો છે. જો કે હજુ સુધી કોર્પોરેશન કક્ષાએથી આ મામલે તૈયારી દર્શાવામાં આવી નથી. શહેરમાં સ્ટ્રીટ લાઈટના અંદાજિત ૧૮ હજાર જેટલા થાંભલા છે. જયારે અગાઉ સ્ટ્રીટ લાઈટની જવાબદારી ટોરેન્ટ પાવરના શીરે હતી ત્યારબાદ સ્ટ્રીટ લાઈટનુ કામ પાટનગર યોજના વિભાગને સોંપવામાં આવ્યુ હતુ જેના અંતે સેકટરોમાં એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી બનતા સ્ટ્રીટ લાઈટના બીલમાં પણ બચત સાથે કટોતી થઈ હોવાનુ મનાય છે. શહેરમાં હાલ અનેક ઠેકાણે જુના અને જોખમી થાંભલા પણ દુર કરી તંત્ર દ્વારા નવા પોલ્સ નાંખવામાં આવ્યા છે જયારે ઘણાં ઠેકાણે કટાયેલા અને ખુલ્લા થાંભલા પણ જોખમી હાલતમાં જોવા મળી રહ્યા છે. અનેક રજુઆતનો અંતે પણ સ્ટ્રીટ લાઈટના થાંભલા પર ઠેર ઠેર બેનર્સ અને પેમ્ફલેટસ ચિપકાવાની પ્રવૃતિ અટકતી નથી જો કે આ મામલે પણ અગાઉ દંડ વસુલી કરવા સુધીના પગલા લેવાનુ આયોજન કરાયુ હતુ પરંતુ હજુ સુધી કોઈ આ દિશામાં કોઈ નક્કર આયોજન થઈ શક્યુ નથી જેના લીધે સ્ટ્રીટ લાઈટના થાંભલા હાલ જાહેરાતનુ માધ્યમ બની ગયા છે. શહેરના રંગમંચ, લગ્નવાડી, બગીચાઓ, આંતરિક રસ્તાઓ તેમજ ગટર લાઈનની કામગીરી પણ હવે કોર્પોરેશનને સોંપી દેવામાં આવી છે. ત્યારે લાંબા સમયથી સ્ટ્રીટ લાઈટની જવાબદારી પણ મહાનગરપાલિક હસ્તક કરી દેવા માટે સરકારે મંજુરી પણ આપી દીધી છે. પરંતુ લાંબા સમયથી આ મામલે કોર્પોરેશન કક્ષાએથી પણ તૈયારી દર્શાવામાં આવતી નથી. બીજીતરફ તંત્ર દ્વારા આ દીશામાં આયોજન કરવા માટે બે થી ત્રણ વાર કોર્પોરેશનને પત્ર લખીને પણ જાણ કરવામાં આવી છે.



ગોર-મા : ગુજરાતી સંસ્કૃતિમાં ગૌરીવ્રતનો અનોખો મહિમા છે... નાની-નાની દિકરીઓ પ્રકૃતિની પૂજા કરી સંસ્કૃતિની રખેવાળી કરે એવી વિભાવના સાથે ગૌરીવ્રતના દિવસોમાં આવતીકાલથી પાંચ દિવસ જવેરાનું પૂજન-અર્ચન કરશે... ત્યારે શહેરના બજારોમાં હવે, તૈયાર જવેરા ઠેર ઠેર જોવા મળે છે... ગૌરીવ્રતના આરંભ સાથે જ પર્વોનો પ્રારંભ થશે... અને સમગ્ર વાતાવરણ કલરવથી ગુંજી ઉઠશે...

## માઈક્રો બાયોલોજી અને એનેસ્થેસીયા પી.જી. અભ્યાસક્રમના રેકગનાઈઝેશન માટે આજે વર્ચ્યુઅલ ઈન્સ્પેક્શન યોજાયુ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મેડીકલ કોલેજમાં ચાલતા પી.જી. અભ્યાસક્રમ એનેસ્થેસીયા અને માઈક્રો બાયોલોજીના રેકગનાઈઝેશન માટે આજે નેશનલ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા વર્ચ્યુઅલ ઈન્સ્પેક્શન યોજાયુ હતુ.

ગાંધીનગરમાં માઈક્રો બાયોલોજીમાં ૩ બેઠકો અને એનેસ્થેસીયાની બેઠકો માટે આ વર્ચ્યુઅલ ઈન્સ્પેક્શન યોજાયુ હતુ. આજે દિવસભર આ ઈન્સ્પેક્શન ચાલ્યુ હતુ.

આ ઈન્સ્પેક્શનને અંતે હવે ગાંધીનગર મેડીકલ કોલેજના પી.જી. સ્ટુડન્ટનો પ્રેકટીસ માટે એન.એમ.સી.માં રજીસ્ટ્રેશન અંગેનો માર્ગ મોકળો થયો છે. ત્રણ વર્ષ અગાઉ આ અભ્યાસક્રમોને મંજૂરી મળી હતી. આજે આ વિદ્યાશાખાઓમાં પરીક્ષા પણ હતી.

ગાંધીનગર મેડીકલ કોલેજમાં ૧૫૦ તબીબી વિદ્યાશાખાની બેઠકો છે તેમજ પી.જી.ની પણ ૧૬ જેટલી બેઠકોને મંજૂરી મળેલી છે જે નોંધનીય છે. ગાંધીનગર મેડીકલ કોલેજ હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું પણ સંચાલન કરે છે.

## ૧૫મા નાણાંપંચના કામો જોવા આવેલી ટીમ માણસા પહોંચી

ગાંધીનગર, તા. ૨૭

પંદરમાં નાણાંપંચ અંગેની કામગીરી અંગે સમીક્ષા માટે આવેલ પોરબંદરની ટીમે આજે માણસા તાલુકાના વિવિધ કામોની મુલાકાત લીધી હતી.

ગઈકાલથી આવેલ આ ટીમે જિલ્લાકક્ષાએ દફતર ચકાસણી બાદ આજે માણસા તાલુકામાં ચાલતા કામોની ચકાસણી અને સમીક્ષા કરી હતી. હવે આ ટીમ પોતાનો અહેવાલ વિકાસ કમિશનરને આપશે.

બે સભ્યોની ટીમ જિલ્લામાં આવી છે. નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને હિસાબી અધિકારીની બનેલી આ ટીમ છે.

જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૫મા નાણાંપંચ અંતર્ગત ૧૪૬ કરોડથી વધુ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જિલ્લામાં આ ગ્રાન્ટમાંથી ૬૪૬૯ કામોને પ્રાથમિક મંજૂરી આપવામાં આવી છે.

જિલ્લામાં ૪૫૫૦ કરતાં વધુ કામો પૂર્ણ થઈ ગયા છે અને જે મંજૂર થયેલ કામોના ૭૨ ટકા જેટલા થવા જાય છે. જિલ્લામાં હાલ ૩૫ કામો પ્રગતિ હેઠળ છે.

જિલ્લામાં પંદરમા નાણાંપંચ અંતર્ગત ટાઈડ અને અનટાઈડ ગ્રાન્ટ મળે છે અને તેમાંથી વિકાસ કામો હાથ ધરવામાં આવે છે.

## રાજ્યસભાની ૩ બેઠક માટે રાજ્યમાં ૨૪ જુલાઈએ ચૂંટણી યોજાશે

**ગુજરાતની અન્ય ૨ બેઠક પર ભાજપ નવા ઉમેદવાર મુકે તેવી શક્યતા છે, તેમજ જુગલજી ઠાકોર, દિનેશ અનાવડીયાને સ્થાને નવો ચહેરો આવી શકે છે**

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતમાં ૨૪ જુલાઈએ રાજ્યસભાની ૩ બેઠક માટે ચૂંટણી યોજાશે. જેની માટે કેન્દ્રીય ચૂંટણી પંચ ૦૬ જુલાઈએ જાહેરનામું બહાર પાડશે. ગુજરાતની ૩ રાજ્યસભા બેઠકો માટે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં ૨૪ જુલાઈએ ૩ રાજ્યોની ૧૦ રાજ્યસભા બેઠકો માટે ચૂંટણી યોજાશે. ૨૪ જુલાઈએ સાંજે ૫ વાગે પરિણામ જાહેર કરવામાં આવશે. જેની માટે ૬ જુલાઈએ ચૂંટણીનું જાહેરનામું બહાર પાડવામાં આવશે. તેમજ ૧૩ જુલાઈએ ચૂંટણીના ફોર્મ ભરવાનો અંતિમ દિવસ છે.

જેમાં મળતી માહિતી મુજબ ગુજરાતમાંથી વિદેશ પ્રધાન એસ જયશંકર રીપિટ થઈ શકે છે. જ્યારે ગુજરાતની અન્ય ૨ બેઠક પર ભાજપ નવા ઉમેદવાર મુકે તેવી શક્યતા છે. તેમજ જુગલજી ઠાકોર, દિનેશ અનાવડીયાને સ્થાને નવો ચહેરો આવી શકે છે.

## મનપા દ્વારા સેગ્રિગેશન બાદ ભીના કચરામાંથી બનાવેલ જૈવિક ખાતરની માગમાં વધારો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં ઉત્પન્ન થતા કચરાને ગાંધીનગર મહાનગરપાલિકાના ડોર ટુ ડોર વાહનો દ્વારા દૈનિક એકત્રિત કરવામાં આવે છે. આ વાહનોમાં નાગરિકો દ્વારા સૂકો અને ભીનો કચરો વર્ગીકૃત કરીને આપવામાં આવે તો ભીના કચરામાંથી ખાતર બનાવી શકાય છે. શહેરના કેટલાક વિસ્તારોમાં નાગરિકો દ્વારા કચરાનું સેગ્રિગેશન કરવામાં આવી રહ્યું છે. આ સેગ્રિગેશનને કારણે મળતા ભીના કચરા તથા શાક માર્કેટમાંથી મળતા ભીના કચરાનું મહાનગરપાલિકા દ્વારા પ્રોસેસિંગ કરીને જૈવિક ખાતર બનાવવામાં આવે છે તેમજ તૈયાર થયેલ ખાતરની વ્યાજબી દરે વેચાણ કરવામાં આવે છે. તારીખ ૧ જાન્યુઆરી ૨૦૨૩થી ૨૨ જૂન ૨૦૨૩ સુધીમાં નાગરિકો દ્વારા રૂ. ૮,૪૬,૬૦૫ની કિંમતનું ૨,૬૯,૨૬૫ કિલો જેટલું ખાતર ખરીદવામાં આવેલ છે. આમ,

● અનુસંધાન પાન-૭ પર

## આગામી બે દિવસમાં શહેરમાં ભારે વરસાદની આગાહી

**દક્ષિણ ગુજરાતથી છેક અમદાવાદ ગાંધીનગર સુધીના વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસશે**

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતમાં ચોમાસાનો વિધિવત પ્રવેશ થઈ ચૂક્યો છે. આગામી બે દિવસમાં જ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ જામશે. ગાંધીનગર અમદાવાદમાં પણ ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે.

જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે આગામી ૪૮ કલાકમાં રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. વરસાદની એક મજબૂત સિસ્ટમ તૈયાર થઈ છે જે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ લાવશે. અનેક વિસ્તારો જળબંબાકાર થઈ જશે. દક્ષિણ ગુજરાતના આહવા, ડાંગ, વલસાડ, સુરત, ભરૂચ, પાટણ, કચ્છ અને મહેસાણામાં ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે. આ ઉપરાંત મધ્ય ગુજરાત અને પૂર્વ ગુજરાતમાં અતિભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે પણ જણાવ્યુ છે કે આગામી પાંચ દિવસ દરમ્યાન રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસશે. નવસારી અને

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff
TILE & STONE FIXING EXPERT
Birla White
THE WHITEST WHITE CEMENT
VINAYAK 500
ટી.એમ.ટી. સળીયા
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com